

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

*સમયની સરાણે સ્વમાનનો કસતો રહે છે,*
*સુખ કે દુ:ખ, 'આનંદી' કાગડો હસતો રહે છે.*
*વરસતો રહે એ ધીમી ધારે, કોઈ સૂણે ન સૂણે -*
*કયાં મારવી, કયારે મારવી ચાંચ ઘસતો રહે છે.*

હાઈકુ

*આડખીલીઓ,*
*પાડી દે છે ઠેકાણે -*
*ચાણક્ય ચાલે...*
*(અંતે, ધાર્યું ધણીનું થાય!)*

*રાજકારણે -*
*'રાજયપાલ' નું પદ,*
*પૂર્ણ વિરામ...*
*(અદબ-પલાંઠી મોઢું બંધ)*

### ચિંતન

*સબ કે પ્રિય, સબકે હિતકારી, દુ:ખ સુખ સરિસ પ્રશંસા ગારી ।*
*કહહિં સત્ય પ્રિય બચન બિચારી, જાગત સોવત સરન તુમ્હારી ॥*
*તુમ્હહિં છૉંડિ ગતિ દૂસરિ નાહિ, સત્રુ મિલ સુખ-દુ:ખ જગ માહી ॥*

ઉપરોક્ત સાખી અરણ્યકાંડમાંથી લેવામાં આવેલ છે.

સર્વના હિતકારી, દુ:ખ-સુખ, પ્રશંસા-ગાળમાં મનની સમતા, વિચારીને સત્ય અને પ્રિય વચન બોલવું, જાગતાં, સૂતા તમારું (શ્રીરામનું) શરણ, તમારા સિવાય બીજી ગતિ નહિં, શત્રુ, મિત્ર, સુખ અને દુ:ખ એ બધા માયાકૃત છે. જગતને પરમાર્થ નથી. આવું સમજી જીવજીવે તે ઉત્તમ પ્રકારના ભક્ત છે.

તમારા દેવ, ઈષ્ટદેવ કે કોઈ પણ શ્રદ્ધેયને સંપૂર્ણ સમર્પણ ભાવને ભજવાથી આત્મા 'વિવેકી' થાય છે માન-મમતા-મોહ દૂર થાય છે. તુલસીદાસજીએ જ પ્રમાણે 'રામ'ને સંપૂર્ણ સમર્પિત થઈ ભજવા સૂચવ્યું છે.

### સુવિચાર

- પૈસા માનવ ઈતિહાસ કી સબસે ખરાબ ચીજ હૈ,
  લેકિન મનુષ્ય કે ચરિત્ર કો પરખને કી સબસે વિશ્વસનીય સામગ્રી છે - **સબીના બિલિમોરીયા**
- અજ્ઞાનભાવથી જે કરવામાં આવે છે તે બધું બંધન છે,
  જ્ઞાનભાવે જે કરવામાં આવે છે તે બધું મુક્તિને આપનારું છે - **આપ્તસૂત્ર**
- જે સાધન સાધ્ય પ્રાપ્ત ના કરાવે, એને અધ્યાત્મ કહેવાય જ નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- મનને વશ કરવું એટલે ચૌદ લોકના નાથને વશ કરવા જેવું છે - **દાદા ભગવાન**
- હું જીવતો છું ત્યાં સુધી બરાબર જીવવા માંગુ છું - **હેઝલીટ**
- આપણે શ્રી મેળવી પ્રણ પ્રજ્ઞા ગુમાવી છે તે ક્યાં છે ? - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : સુકા આમળાને ટુકડા કરી કોપરેલ ભેળવીને ઉકાળીને ઠંડુ થાય પછી એર ટાઈટ શીશીમાં ભરી લેવાનું. તે માથામાં રોજ મસાજ કરવાથી વાળ સફેદ થતા અટકે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

કંઈક ખોટું કામ કર્યું હોય તો તેના પરિણામ ભોગવવા જોઈએ. અને ભાગી જવું જોઈએ નહીં :

નેપોલિયનના બાળપણનો પ્રસંગ છે. એક દિવસ પોતાની નાની બહેનને લઈ ખેતર તરફ ફરવા નીકળ્યો હતો. સામેથી એક ખેડૂતની છોકરી માથે ફળનો ટોપલો લઈને આવતી હતી. સાંકડા રસ્તામાં નેપોલિયનની બહેનનો ધક્કો વાગી ગયો અને ટોપલો નીચે પડી ગયો. ફળો ચગદાઈ ગયા અને નકામાં થઈ ગયા. ખેડૂતની છોકરી રડવા લાગી.

નેપોલિયનની બહેને કહ્યું, 'ભાઈ, ચાલો અહીંથી આપણે ભાગી જઈએ નહીંતર આને ફળોના પૈસા આપવા પડશે.' નેપોલિયને કહ્યું, 'ના એવું ન કરાય. આપણાથી એનું નુકશાન થયું છે તો એ નુકશાન આપણે ભરપાઈ કરી આપવું જોઈએ.'

નેપોલિયનની બહેને કહ્યું, 'મા જાણશે તો આપણને વઢશે' પરંતુ નેપોલિયને પોતાના ખિસ્સામાં થોડા પૈસા હતા તે ખેડૂતની છોકરીને આપી દીધા અને કહ્યું, 'ચાલ, મારી સાથે હું ઘરે જઈને બીજા પૈસા આપું છું અને તારું નુકશાન ભરપાઈ કરી આપું.' નેપોલિયન તેને લઈને ઘરે આવ્યો. અને કહ્યું, 'જુઓ મા, ભૂલ અમારી છે. તમે જે ખિસ્સા ખર્ચ મને આપો છો તે આ છોકરીને આપી દો.' માતાએ કહ્યું, 'ઠીક છે, હવે તને બે મહિનાસુધી એક પાઈ પણ નહીં મળે.'

પેલા ખેડૂતની છોકરી પૈસા મળતા ખુશ થઈને ઘેર ગઈ.

# 'પદ્માવત' મામલે હજુ સમજણ જરૂરી

તંત્રીસ્થાનેથી...

'પદ્માવતી' નું નામ ફેરવીને 'પદ્માવત' કરી દેવાથી કે એને ઐતિહાસિક તથ્યો સાથે કશી લેવાદેવા નહીં હોવાનું અને તે કાલ્પનિક કથા હોવાનું ડિસ્ક્લેમર મૂકી દેવાથી અથવા શ્રી શ્રી રવિશંકર જેવી આધ્યાત્મિક હસ્તીનું પ્રમાણપત્ર રજૂ કરી દેવાથી રાજપૂત સમાજનો એ ફિલ્મ સામેનો વિરોધ શમી જશે, એવા ખ્યાલોમાં રાચતા ફિલ્મનિર્માતા સંજય લીલા ભણસાલીએ જાતે જ સામે ચાલીને કહેવું જોઈએ કે જો એક આખા સમુદાયને મારી ફિલ્મ રજૂ થાય તે ન ગમતું હોય તો હું તે રજૂ નહીં થવા દઉં. સેન્સર બોર્ડના ચેરમેન પ્રસૂન જોશીથી લઈ ફિલ્મને કલાકારની અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના નામે પ્રદર્શિત કરવાનો આદેશ આપતા ન્યાયાધીશોને ગ્રાઉન્ડ રિયાલિટીનો પણ ખ્યાલ હોવો જોઈએ. ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, મહારાષ્ટ્ર અને છેક કર્ણાટક સુધી આ ફિલ્મ સામે ભારે ઊહાપોહ મચેલો છે. કરણી સેનાએ જ નહીં બલકે આર.એસ.એસ. અને એની વિવિધ પાંખો ઉપરાંત શિવસેનાએ જયારે આ ફિલ્મ સામે બિન સમાધાનકારી વલણ અપનાવ્યું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ રાજય સરકારો માટે અદાલતના આદેશનું પાલન કરાવવું અઘરું પડે છે. કલાકારની અભિવ્યક્તિના અધિકાર સામે પ્રજાનો વિરોધ વહોરવો ન જ ગમે. અદાલતો પણ આંખ મીંચીને આદેશ આપી દે તે ઉચિત નથી. એક ફિલ્મના મુદ્દે હજારો - લાખો નાગરિકોને કેટલી હાલાકી ભોગવવી પડી છે, તે તો જુઓ ! લાખો-કરોડોની પ્રજાની સંપત્તિ આગને હવાલે થઈ ગઈ છે. રાજય વાહન વ્યવહાર નિગમે એસ.ટી. બસોને આગ લગાડવાની ઘટનાઓને પગલે ઘણા રૂટ પરથી બસો પાછી ખેંચી લીધી છે. એથી વસંત પંચમી જેવા શુભ દિને નિરધારેલાં લગ્નોમાં વિઘ્નો આવ્યાં છે. હજારો લોકો અધવચ્ચે અટવાઈ પડ્યા છે. આ બધી વણનોતરી આફતના મૂળમાં ફક્ત એક ફિલ્મ છે. અદાલતે કહી દીધું કે સેન્સર બોર્ડ દ્વારા માન્યતા મળી હોઈ ફિલ્મ પ્રદર્શિત કરવી અને કાયદો વ્યવસ્થા રાજય સરકારોએ સંભાળવી. આ અભિગમ શાહમૃગ વૃત્તિનું જ ઉદાહરણ છે. સામે કેટલાં જોખમો પડ્યાં છે, કેવી ભયંકર અરાજકતા સરજાઈ શકે છે, એનો કોઈએ વિચાર કર્યો છે ખરો ? આપણે ફક્ત બંધારણથી જ બંધાયેલા છીએ એ આપણા યુગોની ચાલ્યા આવતા રીતરિવાજો અને પરંપરાઓનો પણ લિહાજ રાખીશું? જો કે કરણી સેનાના હઠાગ્રહ સામે ઝૂકી જવાથી તો કાલે બીજા જ્ઞાતિસમાજો પણ પોતપોતાની અસ્મિતાના પ્રશ્ને આવા આંદોલનો ચાલુ કરી દેશે ; પણ તો શું આપણે પ્રજાને હાલાકીમાં મૂકી દઈને કલાકારની અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે પ્રજાનાં જ નાણાં અને રોજગાર વેડફાવા દેવામાં ઔચિત્ય છે? આ તમામ પ્રશ્નો 'પદ્માવત' ફિલ્મે ઊભા કર્યા છે અને એ મુદ્દે કેન્દ્રથી લઈ રાજય સુધીનાં વિવિધ વહીવટી પ્રતિષ્ઠાનોએ ગંભીરતાપૂર્વક ફેરવિચારણા કરવી જરૂરી છે. અભિવ્યક્તિના સ્વાતંત્ર્યને નામે કોઈ સમાજની લાગણી દૂભવવાનો કલાકારને અધિકાર ન જ હોવો જોઈએ. શું સંજય લીલા ભણસાલી મહંમદ પયગંબરના જીવન પર ફિલ્મ બનાવવાની હિંમત કરી શકશે? હિંદુ સંગઠનોના આ પ્રશ્નનો ઉત્તર પણ એવા માથાફરેલ કલાકાર પાસે હોવો જોઈએ. સંજય લીલા ભણસાલીને 'રામલીલા', 'બાજીરાવ મસ્તાની' કે 'પદ્માવતી' જેવી ફિલ્મોમાં કલાના નામે સમાજ કે ઈતિહાસની પરંપરાઓ અને સંસ્કારો સાથે ચેડાં કરવાનો અધિકાર ન જ હોવો જોઈએ. 'સરસ્વતીચંદ્ર' કે 'દેવદાસ' જેવી કૃતિઓમાં મન મુતાબિક ફેરફારો કરીને આ ફિલ્મ નિર્માતાએ શરદ બાબુ અને ગોવર્ધનરામ જેવા દિવંગત સર્જકોને પણ ભારોભાર અન્યાય કર્યો હતો. એ બધાં પાપ ભેગા થયાં હશે ત્યારે જ એમણે કરણીસેના સાથે ઝીંક લેવાની કુમતિ સૂઝી હશે!

# છોડ બધા નકાર અને હકાર તરફ જા, મૂકી બહારની દોડ થોડો ભીતર તરફ જા



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'તમે ગમે તે કરો પણ એ સુધરવાના નથી.'

'એવું કેમ ?'

'વાત જવા દો..... છપાયેલા કાટલા છે બધાં.'

'...ના....ના... આવું તે કાંઈ હોતુ હશે ?'

'કોઈ નવું સ્વીકારવા તૈયાર જ નથી.'

'બધાને નોકરી જોઈએ છે પણ કોઈ સાહસ કરવા તૈયાર નથી.' ગામના એક મોભીએ બળાપો કાઢયો. વિદ્યાર્થીઓમાં અતિપ્રિય અને તેથી જ કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ પ્રો. રાણાને લઈને એક નાનકડાં, છતાં વિશિષ્ટ પ્રકારના પ્રવાસે નિકળ્યા હતા. દરેક ગામમાં જઈને દસેક મિનીટનું નાટક કરવું. તે દ્વારા ગામના યુવાનોને નોકરી માટે, વ્યવસાયમાં નવા સાહસ માટે પ્રોત્સાહિત કરવાં. નવી જાણકારી અને નોકરીના નવા સ્કોપ વિશે માહિતી આપવી-વગેરે ફોલોઅપ વર્ક ચાલતુ હતું.

એક ગામમાં ગયા ત્યાં કાર્યક્રમ બાદ એક યુવાન મળવા આવ્યો. તેણે પ્રો. રાણાને કહયું, ''આ ગામમાં કોઈને સાચા જ્ઞાનની કિંમત નથી. અહીંના લોકો તદ્દન જૂનવાણી અને જાડીબુધ્ધિના છે. બધા આળસુના પીર છે. તમારી વાત કોઈ સ્વીકારશે નહિ. તમારા આ નાટકની તેમની પર કોઈ અસર નહીં થાય.'' ખૂબજ સંકુચિત દષ્ટિવાળા છે બધા.

પ્રો. રાણા શાંતિથી બોલ્યા, 'તમારી વાત સાચી છે, દોસ્ત.'

થોડાક સમય બાદ એ જ ગામનો બીજો એક યુવાન પ્રો. રાણાને મળવા આવ્યો. પ્રો. રાણા સાથે વાતે વળગ્યો. તેણે કહયું, 'શું અદ્ભૂત નાટક હતુ ! વિદ્યાર્થીઓના સંવાદો તેના આરોહ-અવરોહ આકર્ષક હતા. નાટકનો મેસેજ પણ આજના યુવાનો માટે પ્રેરણાત્મક હતો. મારા આ ગામના યુવાનો તમારી વાત સ્વીકારશે. મહેનતુ, ઉત્સાહી અને વિશાળદષ્ટિવાળા છે આ યુવાનો !'

પ્રો. રાણા શાંતિથી બોલ્યા, 'તમારી વાત સાચી છે, દોસ્ત.'

હવે વિદ્યાર્થીઓથી ન રહેવાયું તેમણે પ્રો. રાણાને ધારદાર પ્રશ્ન કર્યો. 'સર, તમે બન્ને યુવાનોને સાચા કહયા. એવું કેવી રીતે બને ? બન્નેની વાત સાચી કેવી રીતે હોઈ શકે ?'

એક જ ગામ માટે, એક જ ગામના યુવાનો માટે બે અભિપ્રાય કેવી રીતે હોય ? ખરેખર, સાચું કોણ?

પ્રો. રાણાએ પોતાના વિદ્યાર્થીઓને પણ શાંતિથી સાંભળ્યાં. અને ખૂબજ ધીરજપૂર્વક બોલ્યા, 'જુઓ મિત્રો, જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ. જે જેવું વિચારે છે તેને તેવું દેખાય છે. માત્ર ખરાબ જોવાની અને દોષ કાઢવાની જ જેની દષ્ટિ હોય, તેને તેવું જ દેખાવાનું છે. જે સારું વિચારે છે, સારું જુએ છે તેને બધે જ સારું-સારું લાગે છે. બધેજ સારપ અને સૌદર્ય દેખાય છે. ખરેખર તો સારું કે ખરાબ જેવું કાંઈ હોતું જ નથી. બધુ આપણી વિચારવાની દષ્ટિ ઉપર નિર્ભર હોય છે.'

જયાં સુધી જીવનમાં હકારાત્મક દષ્ટિકોણનું મહત્ત્વ સ્વીકારીએ નહિ, તેને અપનાવીએ નહિ ત્યાં સુધી સમસ્યાઓ રહેવાની. કોઈ વ્યકિત કયારેય સંપૂર્ણ ન હોઈ શકે. દરેકમાં વિશેષતાઓ છે તો દોષ પણ છે. સુગંધ છે તો કાંટા પણ છે. કાળાશ છે તો સૌંદયનો અજવાસ પણ છે. સારું વાંચન, સારા મિત્રોની સોબત, સારા વિચારો, અન્યમાં રહેલી વિશેષતાઓને જોવાની અનોખી દષ્ટિ, આપણને જીવનના હકારમાં જીવવા અપીલ કરે છે. જીવનમાં હકારનું ગીત ગાનારા કયારેય નિરાશ થતાં જોયા નથી. સારા વિચારોનો પ્રચાર,પ્રસાર અને સ્વીકાર જીવનને એક નવી ઊંચાઈ બક્ષે છે. નકારાત્મકતા અને નરકને નજીકનો નાતો છે. નકારવાળી નેગેટીવ વ્યકિત સમયાંતરે મિત્ર વર્તુળમાંથી અને છેવટે પોતાના જીવનમાંથી બહાર ફેંકાઈ જાય છે. અઢળક અશકયતાઓની વચ્ચે પણ શકયતાનું એકાદ ઝરણું વહેતું હોય છે, તેને શોધી કાઢવું એ જ જીવનનો સાચો હકાર છે.

**મિસરી**

***'છોડ બધા નકાર અને હકાર તરફ જા***
***મૂકી બહારની દોડ થોડો ભીતર તરફ જા'***

**- અજ્ઞાત**

*-santoshdevkar03@gmail.com*

# હમારે શહર ને ઈન્સાનિયત ગંવાં દી હૈ, જિસે ભી દેખો ફરિશ્તા દિખાઈ દેતા હૈ...



વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

**ઘેરી વળ્યું છે કશુંક દૈન્ય, ચારે કોરથી**
**બધું બોદાઈ ગયું છે, ફૂગાઈ ગયું છે,**
**કયાંક કશું કડકડતું રણકદાર રહ્યું જ નથી જાણે.**
**ઓશિયાળા ચહેરા, ઝાંખી આંખો**
**માગણ જેવા લંબાયેલા હાથ**
**ને લથડતા પાય...**
**નથી કોઈ આંખમાં તિખારો - બાળી મૂકે એવો....**
**કોઈ હાથમાં નથી તાકાત શસ્ત્રો ઉઠાવવાની,**
**કોઈ પાયમાં રહી નથી ત્રેવડ**
**રસ્તા ખૂંદવાની, પહાડો ઓળંગવાની.**
**જબાનો સિવાઈ ગઈ છે; વાણી વિલાઈ ગઈ છે...**
**માણસજાતે જાણે દેવાળું ફૂક્યું છે માણસાઈનું**
**એક છાનો-છૂપો આતંક ફેલાતો જાય છે સતત,**
**કશો અવાજ કર્યા વિના, કશી એંધાણી આપ્યા વિના,**
**જાણે છે, બધા જ જાણે છે**
**કે ચાલી રહ્યું છે કશુંક ભેદી,**
**ઊગી રહ્યું છે, ફાલી-ફૂલી રહ્યું છે કશુંક અમાનવીય તત્વ.**
**પણ હોશ નથી કોઈનામાં કે હરફ પણ ઉચ્ચારે...**
**ઘેરી વળ્યું છે કશુંક દૈન્ય ચારે કોરથી...**
**ને તેમા ખતમ થતો જાય છે, હોમાતો જાય છે**
**માણસ જેવો માણસ...**

***- હરિકૃષ્ણ પાઠક***

ભારતના લોકો બહુમતીમાં છે, પણ બોલકા નથી, મૂંગા છે. માટે જ તેમની હસ્તીનો અનુભવ સુધ્ધાં કહેવાતા ઈલાઈટ વર્ગને થતો નથી... આપણે જનસંખ્યામાં ઘણા છીએ... પરંતુ એકલા છીએ...એકલવાયા છીએ...

આપણા સિતારા હંમેશા ગર્દિશમાં જ હોય છે... અહીંયા તો ખેડૂત પાસે છેવટે ધાન નથી પહોંચતું, મોચી જોડા વગર ચલાવે છે, અને વણકરને કિંમતી વસ્ત્રો નસીબમાં નથી હોતા...

અહીંયા સામાન્ય ચોરીની સજા તુરંત સામાન્ય માણસને સુનાવાય છે, પરંતુ કરોડોનો આખેઆખો ચારો ઝાપટી જનારને વર્ષો પછી ૧૦ લાખના મામૂલી દંડ અને ત્રણ જ વર્ષની સજા સંભળાવીને ન્યાય તોળાય છે...

કોઈ નિર્દોષ પોતાને નિર્દોષ સાબિત કરે ત્યાં સુધીમાં તો તેની જિંદગી વેરણ બનીને રહી જાય છે, અને ગુનેગાર પૈસાના જોરે સફેદ લૂગડે સમાજમાં મોભાના સ્થાન શોભાવે છે...

શું ખપે છે મનુષ્યને ખરેખર ? શાંતિ કે ઐશ્વર્ય ? સત્તા કે સંબંધની હૂંફ ? પ્રેમ કે પૈસો ? આટલી ભાગદોડ પછી શું ?

સાવ સાચી વાત એ છે કે ઉપરના પ્રશ્નોનો જવાબ જ માણસ પાસે નથી... ભાગદોડ પછી શું ? તું જો વિચારતા રહીએ તો... ખબર પડે કે ભાગદોડ જ વ્યર્થ છે...

આપણી દષ્ટિ ઉપલક છે, બહાર જોઈએ છીએ... કોઈકના ઠાલા અભિપ્રાયોની પરવા કરનારા આપણે કયારેક ભીતર નથી ઝાંખતા... આપણી અંદર દષ્ટિપાત કરીએ તો ધ્યાનમાં આવે કે, ના ખરેખર પહેલેથી જ માહ્યલો જ જોવાનો હતો...

આપણી સંવેદનાઓને કયાંક પરખ મળતી નથી...

નમાલા અને નિ:સહાય દશામાં આપણે બહુમત પ્રજા માત્ર કકળાટ કરી જાણીએ છીએ... એ પણ આપણા ઘરમાં... ટી.વી. પર ભ્રષ્ટાચારના સમાચાર જે આપણે બતાવવામાં આવે છે, તે માટે માત્ર ગુસ્સો વ્યક્ત કરીએ છીએ... પ્રલાપ કરીએ છીએ અને પછી ઝડપથી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' તરફ રીમોટ વાળી દઈએ છીએ...

અને ખરેખર જોવા જઈએ તો... આપણું ખરું શાણપણ પણ હવે ટોળાની માનસિકતા બની જાય છે...

આજે ૨૧મી સદીમાં જીવતા હોવા છતાં જાતિના આધારે જનમત નક્કી થતો હોય ત્યાં સુધી બીજું શું વિચારવું?

વિચારવાન અને સભાન પ્રજા બહાર નીકળતી નથી અને મૂર્ખાઓને ગાજર દેખાડી દેખાડીને તકવાદીઓ જે ચિત્ર ઉપસાવે છે, તે જ પૂરા સમાજનું ચિત્ર બની જાય છે... આ જ આપણે છીએ...

કશુંક અજુગતું, કશુંક ભેદી કયાંક ને કયાંક ચાલી રહ્યું છે... પરંતુ... આપણી આંખ આડા કાન કરવામાં કુશળ છીએ... છડેચોક અન્યાય સહન કરી લઈને વ્યવહારકુશળ બનવાનો ડોળ કરીએ છીએ... પરંતુ વાસ્તવમાં આપણે અંતરાત્મા તો જાણતો હોય છે કે, આપણે નપુસંક વિચારોથી આપણામાં રહેલા બળવાખોર અને ક્રાંતિકારી જીગરને રહેંસી રહ્યા છીએ...

જો સુનામી આવે, ભૂકંપ આવે, પૂર આવે, તો ભોગવવાનું તો 'મેંગો પીપલ' ને જ વધુ રહે છે...

આપણે બસ એમાં જ રાજી છીએ કે, કોઈ તમારું ૭૫% હક તો ભલે મારી જતું, ૨૫% તો મારા હાથમાં હજી બચેલું છે ને ! બસ હું એને જ સાચવીને બેઠ રહું...

શોષણનો સિલસિલો આવી રીતે આપણા દ્વારા ચાલુ થાય છે, પહેલીવાર કોઈ આપણો હક છીનવી જાય ત્યારે જ આપણે ત્રાડ પાડીને સાચા થવાના બદલે, જેટલું બચાવાય તેટલું બચાવીને બસ સાચવવામાંથી જ ઊંચા ન આવ્યાં... અને પછી તો સામેવાળાને ફાવતું જડ્યું...

લૂંટો... આ તો બધા લૂંટાવા દેવા માટે જ બેઠા છે ! તેમને ભોળવીને લઈ જવાની જરૂર નથી... તેઓ તો સમજી વિચારીને જ પણ આંખ આડા કાન કરીને આપી દેવા તૈયાર છે...

અમાનવીય અને ક્રૂર રમતો આપણામાંના આપણી સામે રમતા હોય તેની જાણ તો છે જ ! પણ આંખમાં તિખારા સાથે અવાજમાં ત્રાડ સાથે સામે થવાની ત્રેવટ જ નથી રહી...

ઓશિયાળા, ઝાંખપ અને માયકાંગલા વ્યક્તિત્વ સાથે 'સમાધાન' કરીને જીવવાની અજબ કરામત આપણને લાધી ગઈ છે...

**હમારે શહરને ઈન્સાનિયત ગંવાં દી હૈ,**
**જિસે ભી દેખો ફરિશ્તા દિખાઈ દેતા હૈ...**

***- ખલીલ ધનતેજવી***

-jayuoza@gmail.com,
Mo. 9898046488

# ગુરુ દ્વારા મળતાં જ્ઞાન-હૂંફ-માર્ગદર્શન-પ્રોત્સાહન-પ્રેરણા શિષ્યની કારકિર્દીમાં મહત્ત્વનું પરિબળ બની રહે છે



અજવાળું - અજવાળું

તુષાર જોશી

'બેટા મારી સાથે જ સ્ટેજ પર ઊભા રહો અને અભિવાદન ઝીલો.'

જુનિયર એટલે કે શિષ્યા એવી નૃત્યાંગનાને તેના ગુરુએ મંચ પર કહ્યું અને શિષ્યાની પ્રસ્તુતિને ઉપસ્થિત દર્શકોએ વધાવી.

પ્રાચીન ભારતમાં ભવ્ય સ્થાપત્યકલા અને અદ્વિતીય મંદિરોના મંડપમાં સૂર્યદેવની પૂજા-અર્ચના માટે શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવાતો હતો. આ ઉત્સવને જીવંત રાખવા દર વર્ષે, ૧૯૯૨થી મહેસાણા જિલ્લામાં રાજય સરકાર મોઢેરા સૂર્ય મંદિરમાં ઉજવાય છે ઉત્તરાર્ધ મહોત્સવ.

આ વર્ષે તાજેતરમાં ઉત્તરાર્ધ મહોત્સવમાં રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નૃત્યાંગનાઓએ તેમની નૃત્ય પ્રસ્તુતિ કરી તેને દર્શકોએ મન ભરીને માણી હતી.

નૃત્ય એટલે આત્માનું સંગીત અને અહીં ભરતનાટ્યમ્, કથ્થક, મણીપુરી, મોહિનીઅટ્ટમ જેવા નૃત્ય પ્રકારો નૃત્ય સાધકોએ રજૂ કર્યા અને મહોત્સવને સ્મરણીય બનાવ્યો.



બે દિવસ દરમિયાન - બીજા દિવસે રજૂ થયેલા કલાકારોમાં કલાગુરુ પાલીચંદ્ર અને તેમની શિષ્યા મૈથિલી પટેલે પણ નૃત્ય પ્રસ્તુતિ કરી હતી. કલાગુરુ પાલીચંદ્ર નૃત્યકાર છે, કોરિયોગ્રાફર છે, સોશિયલ એક્ટીવીટીસ્ટ છે અને એજ્યુકેશનાલીસ્ટ પણ છે. તેઓએ પોતાની નૃત્ય પ્રસ્તુતિ પૃથ્વી પરના તમામ ખંડોના કેટલાયે દેશોમાં કરી છે. હાલ તેઓ સ્વિત્ઝર્લેન્ડમાં સ્થાયી છે.

અહીં વાત એમની શિષ્યા મૈથિલી પટેલની કરવી છે. એના પરિવારમાં દાદી અંગ્રેજી વિષયમાં ડોકટરેટ હતા અને ૬૦માં વર્ષે તેઓએ સંગીત વિશારદ કર્યું હતું. ફોઈ રૂપલે પણ ભરતનાટ્યમ્‌ની નૃત્ય સાધના કરી છે. પરિવારમાં એના મમ્મી શિલ્પા પટેલે ભરતનાટ્યમ્ દસ વર્ષ કર્યું હતું અને પિતા નીશીથ પટેલે હિંદુસ્થાની ગાયનમાં ઉપાન્ત્મ્ વિશારદનો અભ્યાસ કર્યો હતો. આમ કલાવારસો એને વારસામાં એ વાતાવરણમાં મળ્યો હતો એમ કહેવાય.

મૈથિલીનો જન્મ આણંદમાં થયો. ઉછેર દુબાઈમાં અને હાલને બાયોલોજીનો અભ્યાસ અમેરિકાની ન્યુ જર્સીની કૉલેજમાં કરે છે. ૪ વર્ષની ઉંમરે મૈથિલીએ ક્ષમા મુનશી પાસેથી નૃત્યની તાલીમ લેવાનો આરંભ કર્યો હતો. સમય જતા એના મમ્મી શિલ્પાબહેને આપેલા પ્રોત્સાહનથી એ આગળ વધતી ગઈ અને ગુરુ પાલીચંદ્રનો પરિચય થયો ૨૦૦૯માં. હવે સ્થિતિ એવી કે મૈથિલી દુબઈ અને અમેરિકામાં હોય અને ગુરુ સ્વિત્ઝર્લેન્ડમાં... પણ જેને શીખવું જ છે એને કોણ રોકી શક્યું છે ? સમયે સમયે સ્વિત્ઝર્લેન્ડ જઈને, ભારત આવીને અને બાકી વીડિયો તથા સ્કાઈપની મદદથી મૈથિલી નૃત્ય શીખતી રહી.

કેટલીકવાર તો રોજેરોજ ૯-૯ કલાક નૃત્ય સાધના ચાલે. પણ મૈથિલી હારે નહિ અને ગુરુ તેને થાકવા દે નહિ...

એના ગુરુ સાથે મોઢેરામાં પ્રથમવાર નૃત્ય પ્રસ્તુતિ કરી હતી મૈથિલીએ. ગુરુ તરીકે પાલીચંદ્રની એ મહેનત હતી કે એમણે મૈથિલીને જુનિયર કે શિષ્યા ન ગણતા નૃત્ય સાધનાની અને સન્માનની સમાન અધિકારીણી ગણી હતી. એવા જ એક તબક્કે મંચ પર વ્યક્તિગત સંવાદમાં તેઓએ લેખના આરંભે લખેલું વાક્ય શિષ્યાને કહીને તેને પૂરતું સન્માન આપ્યું હતું. એક ગુરુ પોતાના શિષ્યોના પરફોર્મન્સથી કેટલો રાજી થાય, તે દેખાતું હતું એમની આંખોમાં અને તેમના વ્યક્તિત્વમાં. ગુરુ શિષ્ય પરંપરા દ્વારા આપણી સંસ્કૃતિના અમૂલ્ય નૃત્ય વારસાને સાચવવા-સંવર્ધિત કરવાના આ પ્રયાસને સહુએ બિરદાવવો જ રહ્યો.

રાજયના યુવક સેવા-રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ - જિલ્લા વહીવટીતંત્ર મહેસાણા અને વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર ઉદેપુર દ્વારા આયોજિત ઉત્તરાર્ધ - ઉત્સવ - ૨૦૧૮ મોઢેરા સૂર્યમંદિર સાથે જોડાયેલું એક સ્મરણીય સંભારણું બની રહ્યો હતો. નૃત્ય અભિવ્યક્ત થયું હતું, લય, તાલ શરીરના હલનચલન અને અભિનય દ્વારા.

ગુરુ-શિષ્ય પરંપરાના ઉત્તમ ઉદાહરણો આપણે ત્યાં જોવા મળે છે. પરિણામે શ્રેષ્ઠ કલાકારોનું સર્જન થતું આવ્યું છે. ગુરુ દ્વારા મળતું જ્ઞાન, હૂંફ-માર્ગદર્શન અને પ્રોત્સાહન થતા પ્રેરણા શિષ્યની કારકિર્દીમાં મહત્ત્વનું પરિબળ બની રહે છે. જયાં જયાં આવા ગુરુ-શિષ્ય પરંપરાના ઉદાહરણો જોવા મળે ત્યારે હૃદયમાં આનંદ થાય છે અને કલાસ્વરુપના અજવાળા રેલાય છે.